श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

# શ્રી મદ્ભાગવત રસિક કુટુંબ

## રાસ પંચાધ્યાય. ૧૦. ૩૩



भक्तों मे ज्यों गोपी श्रेष्ठ, मुनियों में ज्यों व्यास।
पुराणों में ज्यों भागवतम्, लीला में महारास।।

**નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ્) ચૈવ નરોત્તમમ્.**
**દેવીં(મ્) સરસ્વતીં(વ્ઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્.**

**નામસઙ્કીર્તનં(યઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્.**
**પ્રણામો દુ:ખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્.**

### શ્રીમદ્ભાગવતમહાપુરાણમ્

### દશમઃ સ્કંધઃ

### .. અથ ત્રયસ્ત્રિંશોઽધ્યાયઃ ..

### શ્રીશુક ઉવાચ

**ઇત્થં(મ્) ભગવતો ગોપ્યઃ(શ્), શ્રુત્વા વાચઃ(સ્) સુપેશલાઃ .**
**જહુર્વિરહજં(ન્) તાપં(ન્), તદઙ્ગોપચિતાશિષઃ .. ૧..**

**તદઙ્ગો + પચિતાશિષઃ**

શ્રીશુકદેવજી કહે છે, – રાજન! ગોપીઓ ભગવાનની આ પ્રમાણેની સુમધુર વાણી સાંભળીને, તેમનો જે વિરહજન્ય તાપ શેષ હતો, તેનાથી પણ મુક્ત થઇ ગઇ, સૌન્દર્ય અને માધુર્યનિધિ પ્રાણપ્રિયના અંગ-સંગથી કૃતાર્થ થઇ ગઈ. ॥ ૧ ॥

**તત્રારભત ગોવિન્દો, રાસક્રીડામનુવ્રતૈઃ .**
**સ્ત્રીરત્નૈરન્વિતઃ(ફ્) પ્રીતૈ-રન્યોન્યાબદ્ધબાહુભિઃ .. ૨..**

**સ્ત્રી + રત્નૈ + રન્વિતઃ(ફ્), રન્યોન્ + યાબદ્ધ + બાહુભિઃ**

ભગવાન શ્રીકૃષ્ણ ની પ્રેયસી અને સેવિકા ગોપીઓ એક-બીજાના બાહુઓમાં બાહુ નાંખીને ઊભી હતી. તે સ્ત્રીરત્નો ની સાથે યમુનાજીના પુલિન પર ભગવાને પોતાની રાસલીલાનો આરંભ કર્યો. ॥ ૨ ॥

**રાસોત્સવઃ(સ્) સમ્પ્રવૃત્તો, ગોપીમ*ણ્ડલમ*ણ્ડિતઃ .**

**યોગેશ્વરેણ કૃ*ષ્ણેન, તાસાં(મ્) મ*ધ્યે દ્વયોર્દ્વયોઃ .**

**પ્રવિ*ષ્ટેન ગૃહીતાનાં(ઙ્), ક*ણ્ઠે સ્વનિકટં(મ્) સ્ત્રિયઃ .. ૩..**

**દ્વયોર્ + દ્વયોઃ**

**યં(મ્) મ*ન્યેરન્ નભ*સ્તાવદ્- વિમાનશતસં(ઙ્)કુલમ્ .**

**દિવૌકસાં(મ્) સદારાણા-મૌત્સુ*ક્યાપહૃતાત્મનામ્ .. ૪..**

**મૌત્સુક્યા + પહૃતાત્ + મનામ્**

સંપૂર્ણ યોગોના સ્વામી ભગવાન શ્રીકૃષ્ણ બે-બે ગોપીઓ ની મધ્યમાં પ્રગટ થઇ ગયા અને તેમના ગળામાં પોતાનો હાથ મૂકી દીધો. આ પ્રમાણે એક ગોપી અને એક કૃષ્ણ, આ ક્રમ હતો. બધી ગોપીઓ એવો અનુભવ કરતી હતી કે મારા કૃષ્ણ તો મારી પાસે જ છે. આ પ્રમાણે હજાર-હજાર ગોપીઓ ની વચ્ચે શોભાયમાન ભગવાન શ્રીકૃષ્ણ નો દિવ્ય રાસોત્સવ શરૂ થયો. તે વખતે આકાશમાં સેંકડો વિમાનોની ભીડ હતી. બધા દેવતાઓ પોત-પોતાની પત્નીઓ સાથે આવ્યા હતા. રસોત્સવના દર્શન કરવાની લાલસાની ઉત્સુકતાથી તેમનું મન તેમના વશમાં ન હતું. ॥ ૩-૪ ॥

**તતો દુ*ન્દુભયો નેદુર્-નિપેતુઃ(ફ્) પુ*ષ્પવૃ*ષ્ટયઃ .**

**જગુર્ગ*ન્ધર્વપતયઃ(સ્), સસ્ત્રીકાસ્ત*દ્યશોઽમલમ્ .. ૫..**

**જગુર્ + ગન્ધર્વ + પતયઃ(સ્), સસ્ત્રીકાસ્ + તદ્યશોઽ + મલમ્**

સ્વર્ગની દિવ્ય દુન્દુભિઓ આપમેળે વાગવા લાગી. સ્વર્ગમાંથી પુષ્પની વૃષ્ટિ થવા લાગી. ગંધર્વો પોતાની પત્નીઓ સાથે ભગવાનના નિર્મળ યશનું ગાન કરવા લાગ્યા. ॥ ૫ ॥

**વલયાનાં(ન્) નૂપુરાણાં(ઙ્), કિં(ઙ્)કિણીનાં(ઞ્) ચ યોષિતામ્ .**

**સ*પ્રિયાણામભૂચ્છ*બ્દ*સ્ - તુમુલો રાસમ*ણ્ડલે .. ૬..**

**સપ્રિયાણા + મભૂચ્ + છબ્દસ્**

રાસમંડળમાં બધી ગોપીઓ પોતાના પ્રિયતમ શ્યામસુંદર સાથે નૃત્ય કરવા લાગી. તેમના હાથના કંકણો, પગના ઝાંઝર અને કંદોરાની નાની નાની ઘૂઘરીઓ એક સાથે ઝણકી ઉઠી. ગોપીઓ અસંખ્ય હતી તેથી તે મધુર ધ્વનિ પણ બહુ જોરથી થઈ રહ્યો હતો. ॥ ૬ ॥

**ત*ત્રાતિશુશુભે તાભિર્ - ભગવાન્ દેવકીસુતઃ .**

**મ*ધ્યે મણીનાં(મ્) હૈમાનાં(મ્), મહામરકતો યથા .. ૭..**

**મહા + મરકતો**

યમુનાજીની રમણરેતી પર વ્રજસુંદરિયોની વચ્ચે ભગવાન શ્રીકૃષ્ણની અદ્‌ભુત શોભા હતી. એવું લાગતું હતું કે જાણે અસંખ્ય પીળા પીળા ચમકતા સુવર્ણ-મણિઓની મધ્યમાં જ્યોતિમય નીલમણી ચમકી રહ્યો હોય. ॥ ૭ ॥

**પાદ*ન્યાસૈર્ભુજવિધુતિભિઃ(સ્) સ*સ્મિતૈર્ભ્રૂવિલાસૈર્-**

**ભ*જ્ય*ન્મ*ધ્યૈશ્ચલકુચપટૈઃ(ખ્) *કુણ્ડલૈર્ગ*ણ્ડલોલૈઃ .**

**સ્વિ**દ્ય*ન્મુખ્યઃ(ખ્) કબરરશનાગ્ર*ન્થયઃ(ખ્) *કૃષ્ણવ*ધ્વો,**

**ગાયન્ત્ય*સ્તં(ન્) તડિત ઇવ તા મેઘચ*ક્રે વિરેજુઃ .. ૮..**

**પાદન્યાસૈર્ + ભુજ + વિધુતિભિઃ(સ્), સસ્મિતૈર્ + ભ્રૂવિલાસૈર્, ભજ્યન્ + મધ્યૈશ્ +ચલકુચપટૈઃ(ખ્),**

**કુણ્ડલૈર્ + ગણ્ડલોલૈઃ, સ્વિદ્યન્ + મુખ્યઃ(ખ્), કબર + રશના + ગ્રન્થયઃ(ખ્) ,ગાયન્ + ત્યસ્તં(ન્)**

નૃત્ય કરતી વખતે ગોપીઓ જાત જાતના ઠુમકા લઈને ક્યારેક પગ આગળ લઈ જતી અને ક્યારેક પગ પાછળ હટાવી લેતી. ક્યારેક ચકરડાની જેમ ફરતી તો ક્યારેક પોતાના હાથ ઉપર ઉપાડી-ઉપાડી ને પ્રગટ કરતી તો ક્યારેક વિભિન્ન પ્રકારના હાવ-ભાવ કરતી, ત્યારે તે આકાશમાં વીજળીઓની જેમ ચમકતી હતી. ક્યારેક બહુ કલાત્મક ઢંગથી હસતી. જ્યારે તે ભ્રુકુટીના વિલાસો સાથે નાચતી ત્યારે તેમની પાતળી કમર એવી રીતે લચી પડતી કે જાણે તૂટી ગઈ હોય. નીચા નમવું બેસવું, ઊઠવું, અને ચાલવાની સ્ફૂર્તિને લીધે તેમના વક્ષઃસ્થળ હાલી રહ્યા હતા. તથા વસ્ત્રો ઉડતાં હતાં. કાનોનાં કુંડળો હાલતાં હાલતાં ગાલો પર આવી જતાં હતાં. નૃત્યના પરિશ્રમથી તેમના મુખ પર પસીનાનાં બિંદુઓ ચમકતાં હતાં. કેશના અંબોડા ઢીલા થઈ ગયા હતા. કટિમેખલાનાં બંધનો ઢીલા થઈ ગયા હતાં. આ પ્રમાણે નટવર નંદલાલની પરમ પ્રેયસી ગોપીઓ તેમની સાથે નાચી-ગાઈ રહી હતી. પરીક્ષિત! તે વખતે એવું લાગતું હતું, જાણે અનેક શ્રીકૃષ્ણ કાળાં કાળાં મેઘમંડળ છે. અને તેમની વચ્ચે ગોરી ગોરી ગોપીઓ વીજળીઓ છે. તેમની શોભા અપાર હતી. ॥ ૮ ॥

**ઉચ્ચૈર્જગુર્નૃ*ત્યમાના, *રક્તકણ્ઠ્યો રતિ*પ્રિયાઃ .**

***કૃષ્ણાભિમર્શમુદિતા, ય*દ્ગીતેનેદમાવૃતમ્ .. ૯..**

**ઉચ્ચૈર્ + જગુર્નૃત્ય + માના, કૃષ્ણા + ભિમર્શ + મુદિતા, યદ્ + ગીતેને + દમાવૃતમ્**

ગોપીઓનું જીવન ભગવાનનો પ્રેમ છે. તેઓ શ્રીકૃષ્ણ ને સ્પર્શ કરીને ઊંચા ઊંચા સ્વરે ગાન કરી રહી હતી. શ્રીકૃષ્ણનો સંસ્પર્શ પ્રાપ્ત કરીને વધારે આનંદઘેલી બની ગઈ. તેમના રાગ-રાગીણિઓના ગુંજનથી આજે પણ આખું જગત ગુંજી રહ્યું છે. ॥ ૯ ॥

**કાચિત્ સમં(મ્) મુ*કુન્દે*ન, સ્વરજાતીરમિ*શ્રિતાઃ .**

**ઉન્નિ*ન્યે પૂજિતા તે*ન, પ્રીયતા સાધુ સાધ્વિતિ .**

**તદે*વ ધ્રુવમુન્નિ*ન્યે, ત*સ્યૈ માનં(ગ્) ચ બહ્વદાત્ .. ૧૦..**

**સ્વ + રજાતી + રમિશ્રિતાઃ, ધ્રુવ + મુન્નિન્યે**

કોઈ ગોપી ભગવાન સાથે - તેમના સ્વરોમાં સૂર પુરાવી ને ગાઈ રહી હતી. તે શ્રીકૃષ્ણ ના સ્વર કરતા વધારે ઊંચા સ્વરથી રાગ આલાપવા લાગી. તેના વિલક્ષણ અને ઉત્તમ સ્વરને સાંભળીને ભગવાન બહુ પ્રસન્ન થયા અને વાહ, વાહ કહીને તેમની પ્રશંસા કરવા લાગ્યા. તે જ રાગને બીજી એક સખી એ ધ્રુપદ માં ગાયો... તેને પણ ભગવાને અભિનંદન આપ્યાં. ॥ ૧૦ ॥

## કાચિદ્ રાસપરિશ્રાન્તા, પાર્શ્વસ્થસ્ય ગદાભૃતઃ .

## જગ્રાહ બાહુના સ્કન્ધં(મ્) શ્લથદ્વલયમલ્લિકા .. ૧૧..

**પાર્શ્વસ્ + થસ્ય, શ્લથદ્ + વલય + મલ્લિકા**

એક ગોપી નૃત્ય કરતા કરતા થાકી ગઈ. તેના હાથના કંકણ અને અંબોડાની વેણીનાં ફૂલ ખરવાં લાગ્યાં.ત્યારે તેણે બાજુમાં જ ઊભેલા મુરલીમનોહર શ્યામસુંદરના ખભાને પોતાના હાથે જોરથી પકડી લીધો.॥ ૧૧ ॥

## તત્રૈકાં(મ્)સગતં(મ્) બાહું(ઙ્), કૃષ્ણસ્યોત્પલસૌરભમ્ .

## ચન્દનાલિપ્તમાઘ્રાય, હૃષ્ટરોમા ચુચુમ્બ હ .. ૧૨..

**કૃષ્ણસ્ + યોત્પલ + સૌરભમ્ ,ચન્દના + લિપ્ત + માઘ્રાય**

ભગવાન શ્રીકૃષ્ણે પોતાનો એક હાથ બીજી ગોપીના ખભા પર મૂક્યો હતો. તે સ્વભાવથી તો કમળ જેવો સુગંધિત તો હતો જ, તેના પર બહુ જ સુગંધિત ચંદનનો લેપ પણ હતો. તેની સુગંધ થી તે ગોપી રોમાંચિત થઈ ગઈ, તેના રોમે રોમ ખીલી ઉઠ્યા. તેણે તુરત જ તે શ્રીહસ્તને ચૂમી લીધો. ॥ ૧૨ ॥

## કસ્યાશ્ચિન્નાટ્યવિક્ષિપ્ત-કુણ્ડલત્વિષમણ્ડિતમ્ .

## ગણ્ડં(ઙ્) ગણ્ડે સન્દધત્યા, અદાત્તામ્બૂલચર્વિતમ્ .. ૧૩..

**કસ્યાશ્ + ચિન્નાટ્ય + વિક્ષિપ્ત, કુણ્ડલત્ + વિષમણ્ડિતમ્, અદાત્ + તામ્બૂ + લચર્વિતમ્**

એક ગોપી નૃત્ય કરી રહી હતી. નાચવાના કારણે તેનાં કુંડળો હાલી રહ્યાં હતાં, તેના તેજથી તેના ગાલ વધારે ચમકી રહ્યા હતા. તે પોતાના કપોલ (ગાલ) ભગવાન ના ગાલ સાથે મિલાવી દીધા. અને ભગવાને તેના મુખમાં પ્રસાદનું તાંબૂલ આપી દીધું. ॥ ૧૩ ॥

## નૃત્યન્તી ગાયતી કાચિત્- કૂજન્નૂપુરમેખલા .

## પાર્શ્વસ્થાચ્યુતહસ્તાબ્જં(મ્), શ્રાન્તાધાત્ સ્તનયોઃ(શ્) શિવમ્ .. ૧૪..

**કૂજન્ + નૂપુર + મેખલા, પાર્શ્વસ્ + થાચ્યુત + હસ્તાબ્જં(મ્)**

કોઇ ગોપી નુપુર અને કંદોરાની ઘૂઘરીઓને ઝણકારતી રહીને નાચી ગાઈ રહી હતી. તે જ્યારે બહુ થાકી ગઈ ત્યારે તેની બાજુમાં જ ઉભેલા શ્યામસુંદરનાં શીતલ કરકમળોને પોતાના વક્ષઃસ્થળ પર પધરાવી દીધાં. ॥ ૧૪ ॥

## ગોપ્યો લબ્ધ્વાચ્યુતં(ઙ્) કાન્તં(મ્), શ્રિય એકાન્તવલ્લભમ્ .

## ગૃહીતકણ્ઠ્યસ્તદ્દોર્ભ્યાં(ઙ્), ગાયન્ત્યસ્તં(વ્ઁ) વિજહ્રિરે .. ૧૫..

**ગૃહી + તકણ્ઠ્યસ્ + તદ્ + દોર્ભ્યાં(ઙ્)**

પરીક્ષિત! ગોપીઓ લક્ષ્મીજી કરતાં પણ ભાગ્યશાળી બની રહી છે. લક્ષ્મીજીના પરમ પ્રિયતમ એકાંતવલ્લભ ભગવાન શ્રીકૃષ્ણને પોતાના પરમ પ્રિયતમના રૂપમાં પ્રાપ્ત કરીને ગોપીઓ ગાન કરતી રહીને તેમની સાથે વિહાર કરવા લાગી. ભગવાન શ્રીકૃષ્ણે તેમના ભુજપાશથી તેમને ગળેથી બાંધી રાખી હતી. ત્યારે ગોપીઓની શોભા અપૂર્વ હતી. ॥ ૧૫ ॥

કર્ણોત્પલાલકવિટં(ઙ્)કકપોલઘર્મ-

વક્ત્રશ્રિયો વલયનૂપુરઘોષવાદ્યૈઃ .

ગોપ્યઃ(સ્) સમં(મ્) ભગવતા નનૃતુઃ(સ્) સ્વકેશ-

સ્રસ્તસ્રજો ભ્રમરગાયકરાસગોષ્ઠ્યામ્ .. ૧૬..

કર્ણોત્ + પલાલ + કવિટં(ઙ્) + કકપો + લઘર્મ, વલયનૂ + પુરઘો + ષવાદ્યૈઃ,

સ્રસ્ + તસ્રજો, ભ્રમરગા + યકરા + સગોષ્ઠ્યામ્

તેમના કાનમાં કમળના કુંડળો શોભી રહ્યા હતા. વાંકડિયા કેશની લટો કપોલો પર લટકી રહી હતી. પસીનાનાં બિંદુઓ તેમના મુખના લાવણ્યને વધારતા હતાં. તેઓ રાસ મંડળમાં ભગવાન શ્રીકૃષ્ણ સાથે નૃત્ય કરી રહી હતી. તેમના કંકણો અને ઝાંઝર રાણકી રહ્યાં હતાં. ભમરાઓ તેમના તાલમાં સૂર પુરાવીને ગાઈ રહ્યા હતા. તેમના અંબોડામાં ગૂંથેલી વેણીઓનાં પુષ્પ ખરી રહ્યાં હતાં. ॥ ૧૬ ॥

એવં(મ્) પરિષ્વઙ્ગકરાભિમર્શ-

સ્નિગ્ધેક્ષણોદ્દામવિલાસહાસૈઃ .

રેમે રમેશો વ્રજસુન્દરીભિર્-

યથાર્ભકઃ(સ્) સ્વપ્રતિબિમ્બવિભ્રમઃ .. ૧૭..

પરિષ્વઙ્ + ગકરાભિમર્શ, સ્નિગ્ધે + ક્ષણોદ્ + દામવિલા + સહાસૈઃ, સ્વપ્રતિબિમ્ + બવિભ્રમઃ

પરીક્ષિત! જેમ નાનો બાળક નિર્વિકાર ભાવે પોતાના પડછાયા સાથે રમે છે, તે જ પ્રમાણે રમાપતિ ભગવાન શ્રીકૃષ્ણ ક્યારેક ગોપીઓને પોતાના હૃદય સાથે લગાવે છે. ક્યારેક હાથથી તેમનો અંગ-સ્પર્શ કરતા, ક્યારેક પ્રેમભરી વાંકી દૃષ્ટિથી તેમના તરફ જોતા તો ક્યારેક લીલાપૂર્વક હાસ્ય કરતા. આ પ્રમાણે તેમણે વ્રજસુંદરીઓ સાથે ક્રીડા કરી, વિહાર કર્યો. ॥ ૧૭ ॥

તદઙ્ગસઙ્ગપ્રમુદાકુલેન્દ્રિયાઃ(ખ્),

કેશાન્ દુકૂલં(ઙ્) કુચપટ્ટિકાં(વઁ) વા .

નાઞ્જઃ(ફ્) પ્રતિવ્યોઢુમલં(વઁ) વ્રજસ્ત્રિયો,

વિસ્રસ્તમાલાભરણાઃ(ખ્) કુરૂદ્વહ .. ૧૮..

તદઙ્ + ગસઙ્ગ + પ્રમુદા + કુલેન્દ્રિયાઃ(ખ્),વિસ્રસ્ + તમાલા + ભરણાઃ(ખ્)

પરીક્ષિત! ભગવાનના શ્રીઅંગોનો સંસ્પર્શ પ્રાપ્ત કરીને ગોપીઓની ઈન્દ્રિયો પ્રેમ અને આનંદ થી વિહ્વળ થઇ ગઈ. નૃત્ય કરતાં કરતાં તેમના કેશ વિખરાઈ ગયા. તેઓ પોતાના કેશ, વસ્ત્ર અને ચોળી વગેરેને પૂરી રીતે સાચવવામાં અસમર્થ બની ગઈ. ॥ ૧૮ ॥

કૃષ્ણવિક્રીડિતં(વઁ) વીક્ષ્ય, મુમુહુઃ(ખ્) ખેચરસ્ત્રિયઃ .

કામાર્દિતાઃ(શ્) શશાં(ઙ્)કશ્ચ, સગણો વિસ્મિતોઽભવત્ .. ૧૯..

કૃષ્ણ + વિક્રીડિતં(વૅં), ખેચર + સ્ત્રિયઃ

પરીક્ષિત! ભગવાન શ્રીકૃષ્ણની આ રાસક્રીડા જોઈને સ્વર્ગની અપ્સરાઓ પણ મળવાની કામનાથી મોહીત થઈ ગઈ અને બધા જ તારાઓ અને નક્ષત્રો સાથે ચંદ્રમા પણ ચકિત થઈ ગયા. ॥ ૧૯ ॥

*કૃત્વા તાવ*ન્તમાત્માનં(યઁ), યાવતીર્ગોપયોષિતઃ .

રેમે સ ભગવાં(મ્)સ્તાભિ-રાત્મારામોઽપિ લીલયા .. ૨૦..

તાવન્ + તમાત્ + માનં(યઁ),યાવતીર્ + ગોપયોષિતઃ

પરીક્ષિત! જો કે ભગવાન પોતે આત્મારામ છે. તેમને પોતાના સિવાય બીજા કોઈની આવશ્યકતા નથી. છતાં તેમણે જેટલી ગોપીઓ હતી, તેટલાં રૂપ ધારણ કર્યાં અને સહજતાથી તેમની સાથે આ પ્રમાણે વિહાર કર્યો. ॥ ૨૦ ॥

તાસામતિવિહારે*ણ, શ્રાન્તાનાં(વઁ) વદનાનિ સઃ .

પ્રામૃજત્ કરુણઃ(ફ) પ્રેમ્ણા, શ*ન્તમેનાઙ્ગપાણિના .. ૨૧..

તાસા + મતિવિહારેણ, શન્તમેનાઙ્ + ગપાણિના

જયારે ઘણા સમય સુધી નૃત્ય અને વિહાર કરવાને કારણે ગોપીઓ થાકી ગઈ ત્યારે કરુણાશીલ ભગવાન શ્રીકૃષ્ણે બહુ પ્રેમથી સ્વયં પોતાના સુખદ કરકમળ દ્વારા તેમનાં મુખ લૂછ્યાં. ॥ ૨૧ ॥

ગોપ્યઃ(સ્) સ્ફુ*રત્પુરટ*કુણ્ડલ*કુન્તલ*ત્*વિડ્-

ગ*ણ્ડ*શ્રિયા સુધિતહાસનિરીક્ષણેન .

માનં(ન્) દ*ધત્ય ઋષભ*સ્ય જગુઃ(ખ્) કૃતાનિ

*પુણ્યાનિ ત*ત્કરરુ*હસ્પ*ર્શપ્રમોદાઃ .. ૨૨..

સ્ફુરત્ + પુરટ + કુણ્ડલ + કુન્તલત્ + વિડ્, સુધિતહા + સનિરી + ક્ષણેન,

તત્કરરુહસ્ + પર્શપ્રમોદાઃ

પરીક્ષિત! ભગવાનના કરકમળના સ્પર્શથી ગોપીઓને બહુ આનંદ થયો. તેમણે તેમના તે કપોલોનું સૌન્દર્ય, જેમના પર સોનાના કુંડળો ઝગમગી રહ્યા હતાં અને સુંદર વાંકડિયા કેશની લટો લટકી રહી હતી. તથા તે પ્રેમયુક્ત દૃષ્ટિથી જે અમૃત કરતાં પણ મધુર હાસ્યથી ઉજ્જવળ બની રહી હતી તેનાથી ભગવાન શ્રીકૃષ્ણનું સન્માન કર્યું અને ભગવાનની પરમ પવિત્ર લીલાઓનું ગાન કરવા લાગી. ॥ ૨૨ ॥

તાભિર્યુતઃ(શ્) શ્રમમપોહિતુ*મઙ્ગસ*ઙ્ગ-

*ધૃ*ષ્ટસ્રજઃ(સ્) સ કુચકું(ઙ્)કુમરં(ઞ્)જિતાયાઃ .

ગ*ન્ધર્વપાલિભિરનુ*દ્રુત આવિશદ્ વાઃ(શ્),

શ્રાન્તો ગજીભિરિભરાડિવ ભિન્નસેતુઃ .. ૨૩..

શ્રમ + મપો + હિતુમઙ્ + ગસઙ્ગ, ગન્ધર્વપા + લિભિર + નુદ્રુત, ગજી + ભિરિભરા + ડિવ

પછી જેમ થાકેલો ગજરાજ નદીઓના કિનારા તોડતો હાથણીઓ સાથે જળમાં પ્રવેશ કરે તેમ ભગવાને પોતાનો શ્રમ દૂર કરવા માટે ગોપીઓ સાથે જલક્રીડા કરવાના ઉદ્દેશથી યમુનાજીના જળમાં પ્રવેશ કર્યો. તે વખતે ભગવાનની વનમાળા ગોપીઓ અંગ-સ્પર્શથી મસળાઈ ગઈ હતી અને ગોપીઓના વક્ષઃસ્થળના કેસરથી તે પણ રંગાઈ ગઈ હતી. તેની ચારે બાજુ ગુંજન કરતાં ભમરાઓ તેમની પાછળ-પાછળ એ રીતે ચાલી રહ્યા હતા જાણે ગન્ધર્વરાજ તેમનો યશોગાન ગાતા-ગાતા તેમની પાછળ ચાલી રહ્યા હોય. ॥ ૨૩ ॥

**સોડમ્ભ*સ્યલં(યઁ) યુવતિભિઃ(ફ્) પરિષિ*ચ્યમાનઃ(ફ્),**

**પ્રેમ્ણેક્ષિતઃ(ફ્) પ્રહસતીભિરિતસ્ત*તોડઙ્ગ .**

**વૈમાનિકૈઃ(ખ્) કુસુમવર્ષિભિરીડ્યમાનો,**

**રેમે સ્વયં(મ્) સ્વરતિર*ત્ર ગજેન્દ્રલીલઃ .. ૨૪..**

**સોડમ્ભસ્ + યલં(યઁ), પ્રહસતી + ભિરિતસ્ + તતોડઙ્ગ, કુસુમવર્ + ષિભિરી + ડ્યમાનો**

પરીક્ષિત! યમુનાજલમાં ગોપીઓ પ્રેમભરી દૃષ્ટિથી ભગવાન તરફ જોઈ-જોઈને હસી-હસીને તેમના પર ખૂબ જળ છાંટતી હતી. જળ ઉલેચી-ઉલેચીને તેમને ખૂબ નવડાવ્યા. વિમાનોમાં બેઠેલા દેવતાઓ પુષ્પો વૃષ્ટિ કરીને તેમની સ્તુતિ કરવા લાગ્યા. આ પ્રમાણે યમુનાજલમાં સ્વયં આત્મારામ ભગવાન શ્રીકૃષ્ણે ગજરાજની જેમ જલવિહાર કર્યો. ॥ ૨૪ ॥

**તત*શ્ચ કૃ*ષ્ણોપવને જલ*સ્થલ*-**

**પ્રસૂનગ*ન્ધાનિલજુ*ષ્ટદિ*ક્તટે .**

**ચચાર ભૃ*ઙ્ગ*પ્રમદાગણાવૃતો**

**યથા મદ*ચ્યુદ્ દ્વિરદઃ(ખ્) કરેણુભિઃ .. ૨૫..**

**પ્રસૂ + નગન્ધા + નિલજુષ્ટ + દિક્તટે, ભૃઙ્ગ + પ્રમદા + ગણાવૃતો**

ત્યાર પછી ભગવાન શ્રીકૃષ્ણ વ્રજયુવતીઓ અને ભ્રમરવૃંદથી ઘેરાયેલા યમુનાતટના ઉપવનમાં ગયા. તે અત્યંત રમણીય ઉપવન હતું. તેની ચારે બાજુ જલ અને સ્થળમાં અતિ સુંદર પુષ્પ ખીલેલાં હતાં. તેમની સુગંધ લઈને મંદ-મંદ વાયુ વહી રહ્યો હતો. જેમ મદમસ્ત ગજરાજ હાથણીઓના ટોળા સાથે ધૂસી રહ્યો હોય તેમ ભગવાન તેમાં વિચરવા લાગ્યા. ॥ ૨૫ ॥

**એવં(મ્) શશાં(ઙ્)કાં(મ્)શુવિરાજિતા નિશાઃ(સ્),**

**સ સ*ત્યકામોડનુરતાબલાગણઃ .**

**સિષેવ આત્મ*ન્યવ*રુદ્ધસૌરતઃ(સ્),**

**સર્વાઃ(શ્) શર*ત્કાવ્યકથારસાશ્રયાઃ .. ૨૬..**

**શશાં(ઙ્)કાં(મ્) + શુવિરાજિતા, સત્યકામોડ + નુરતા + બલાગણઃ,**

**આત્મન્ + યવરુદ્ધ + સૌરતઃ(સ્),શરત્ + કાવ્યકથા + રસાશ્રયાઃ**

પરીક્ષિત! શરદઋતુની તે રાત્રિ, જેમાં અનેક રાત્રિઓ એકત્રિત થઇ ગઈ હતી, બહુ જ રળિયામણી હતી. ચારે બાજુ ચંદ્રમાની સુંદર ચાંદની પ્રસરી રહી હતી. કાવ્યોમાં શરદઋતુની જે રસાળ-સામગ્રીઓનું વર્ણન મળે છે, તે બધા જ પદાર્થોથી તે યુક્ત હતી. તેમાં ભગવાન શ્રીકૃષ્ણે પોતાની પ્રેયસી ગોપીઓની સાથે યમુનાતટ, યમુનાજી અને ઉપવનમાં વિહાર કર્યો. એ વાતનું સ્મરણ રહે કે, ભગવાન સત્યસંકલ્પ છે. આ બધી તેમના ચિન્મય સંકલ્પની ચિન્મયી લીલા છે. અને તેમણે આ લીલામાં કામભાવને, તેની ચેષ્ટાઓને તથા તેની ક્રિયાને બધી રીતે પોતાને આધીન કરી રાખી હતી, તેમને પોતાનામાં કેદ કરી રાખી હતી. ॥ ૨૬ ॥

## રાજોવાચ

### સં(મ્)સ્થાપનાય ધર્મસ્ય, પ્રશમાયેતરસ્ય ચ .

### અવતીર્ણો હિ ભગવા- નં(મ્)શેન જગદીશ્વરઃ .. ૨૭..

**પ્રશમા + યેતરસ્ય**

રાજા પરીક્ષિતે પૂછ્યું, ભગવન્! ભગવાન શ્રીકૃષ્ણ સંપૂર્ણ જગતના એકમાત્ર સ્વામી છે. તેમણે પોતાના અંશ બલરામજી સાથે પૂર્ણરૂપે અવતાર ગ્રહણ કર્યો છે. તેમના અવતારનો ઉદ્દેશ હતો ધર્મની સ્થાપના અને અધર્મનો નાશ. ॥ ૨૭ ॥

### સ કથં(ન્) ધર્મસેતૂનાં(વ્ઁ), વક્તા કર્તાભિરક્ષિતા .

### પ્રતીપમાચરદ્ બ્રહ્મન્, પરદારાભિમર્શનમ્ .. ૨૮..

**પરદારા + ભિમર્શનમ્**

બ્રહ્મન! તેઓ ધર્મની મર્યાદાના સ્થાપક, ઉપદેશક અને રક્ષક હતા. તો પછી તેમણે ધર્મથી વિપરીત પરસ્ત્રીઓનો સ્પર્શ કેમ કર્યો? ॥ ૨૮ ॥

### આપ્તકામો યદુપતિઃ(ખ્), કૃતવાન્ વૈ જુગુપ્સિતમ્ .

### કિમભિપ્રાય એતં(ન્) નઃ(સ્), સં(મ્)શયં(ઞ્) છિન્ધિ સુવ્રત .. ૨૯..

**જુગુપ્ + સિતમ્**

હું માનું છું કે, ભગવાન શ્રીકૃષ્ણ પૂર્ણકામ હતા, તેમને કોઈ વસ્તુની કામના ન હતી, તેમ છતાં તેમણે શા અભિપ્રાય થી આવું નિંદનીય કર્મ કર્યું? પરમ બ્રહ્મચારી મુનીશ્વર! આપ કૃપા કરીને મારો સંશય દૂર કરો. ॥ ૨૯ ॥

## શ્રીશુક ઉવાચ

### ધર્મવ્યતિક્રમો દૃષ્ટ, ઈશ્વરાણાં(ઞ્) ચ સાહસમ્ .

### તેજીયસાં(ન્) ન દોષાય, વહ્નેઃ(સ્) સર્વભુજો યથા .. ૩૦..

**ધર્મ + વ્યતિ + ક્રમો**

શ્રીશુકદેવજી કહે છે – સૂર્ય, અગ્નિ વગેરે ઈશ્વર ક્યારેક ક્યારેક ધર્મનું ઉલ્લંઘન અને સાહસ નું કાર્ય કરતાં જોવામાં આવે છે, પરંતુ તે કર્મોથી તે તેજસ્વી પુરુષોને કોઈ દોષ લાગતો નથી. જુઓ, અગ્નિ બધું ભક્ષણ કરે છે, પરંતુ તે પદાર્થોના દોષોથી તે લિપ્ત થતો નથી. ॥ ૩૦ ॥

નૈતત્ સમાચરેજ્જાતુ, મનસાપિ હ્યનીશ્વરઃ .

વિનશ્યત્યાચરન્ મૌઢ્યા - દ્યથા રુદ્રોઽબ્ધિજં(વ઼ઁ) વિષમ્ .. ૩૧..

**સમાચરેજ્ + જાતુ,વિનશ્યત્ + યાચરન્**

જે લોકોમાં એવું સામર્થ્ય નથી, તેમણે મનથી પણ આવી વાત ક્યારેય વિચારવી જોઈએ નહીં, શરીરથી કરવાની વાત તો બાજુ પર રહી. મૂર્ખતાવશ કોઈ આવું કામ કરી બેસે તો તેનો નાશ થઈ જાય છે. ભગવાન શંકરે હળાહળ વિષ પી લીધું હતું, બીજો કોઈ પીએ તો બળીને ભસ્મ થઈ જશે. ॥ ૩૧ ॥

ઈશ્વરાણાં(વ઼ઁ) વચઃ(સ્) સત્યં(ન્), તથૈવાચરિતં(ઙ્) ક્વચિત્ .

તેષાં(યઁ) યત્ સ્વવચોયુક્તં(મ્), બુદ્ધિમાં(મ્)સ્તત્ સમાચરેત્ .. ૩૨..

**સ્વ + વચોયુક્તં(મ્)**

સમર્થ પુરુષોના વચન સત્ય હોય છે (તેથી તેમના વચન પ્રમાણે વર્તવું) અને પોતાના અધિકાર પ્રમાણે આચરણ કરવું જોઈએ. તેમના આચરણ નું અનુકરણ તો ક્વચિત કરવામાં આવે છે. તેથી બુદ્ધિમાન મનુષ્યે તેમનું જે આચરણ તેમના ઉપદેશને અનુકૂળ હોય, તેને જીવનમાં ઉતારવું જોઈએ. ॥ ૩૨ ॥

કુશલાચરિતેનૈષા - મિહ સ્વાર્થો ન વિદ્યતે .

વિપર્યયેણ વાનર્થો, નિરહં(ઙ્)કારિણાં(મ્) પ્રભો .. ૩૩..

**કુશલા + ચરિતે + નૈષા**

પરીક્ષિત! તે સામર્થ્યવાન પુરુષો અહંકાર રહિત હોય છે. શુભ કર્મ કરવામાં તેમનો કોઈ સાંસારિક સ્વાર્થ હોતો નથી અને અશુભ કર્મ કરવામાં તેમને કોઈ (નુકસાન)અનર્થ થતો નથી. તેઓ સ્વાર્થ અને અનર્થથી પર હોય છે. ॥ ૩૩ ॥

કિમુતાખિલસત્ત્વાનાં(ન્), તિર્યઙ્મર્ત્યદિવૌકસામ્ .

ઈશિતુશ્ચેશિતવ્યાનાં(ઙ્), કુશલાકુશલાન્વયઃ .. ૩૪..

**કિમુતા + ખિલ + સત્ત્વાનાં(ન્), તિર્યઙ્ + મર્ત્યદિવૌ + કસામ્,**

**ઈશિતુશ્ + ચેશિતવ્યાનાં(ઙ્), કુશલા + કુશલાન્વયઃ**

જ્યારે આવા સમર્થોના માટે આવી વાત છે તો જે પશુ, પક્ષી, મનુષ્ય, દેવતા વગેરે ચરાચર જીવોના પ્રભુ એક સર્વેશ્વર ભગવાન છે તેમની સાથે પુણ્ય અને પાપનો સંબંધ કઈ રીતે કલ્પી શકાય? ॥ ૩૪ ॥

યત્પાદપં(ઙ્)કજપરાગનિષેવતૃપ્તા,

યોગપ્રભાવવિધુતાખિલકર્મબન્ધાઃ .

સ્વૈરં(ઞ્) ચરન્તિ મુનયોઽપિ ન નહ્યમાનાસ્-

તસ્યેચ્છયાઽઽત્તવપુષઃ(ખ્) કુત એવ બન્ધઃ .. ૩૫..

**યત્પા + દપં(ઙ્)કજપરા + ગનિષે + વતૃપ્તા, યોગ + પ્રભાવ + વિધુતા + ખિલકર્મબન્ધાઃ,**

તસ્યેય્ + છયાડડત્ + તવપુષઃ(ખ્)

જેમના ચરણકમળોની રજનું સેવન કરીને ભક્તજન તૃપ્ત થઈ જાય છે, જેમની સાથે યોગ પ્રાપ્ત કરીને યોગીઓ પોતાના તમામ કર્મબંધનો કાપી નાખે છે અને વિચારશીલ જ્ઞાનીઓ જેમના તત્વનો વિચાર કરીને તત્સ્વરૂપ થઈ જાય છે તથા સમસ્ત કર્મબંધનોથી મુક્ત થઈને સ્વેચ્છાએ વિચરે છે. તે જ ભગવાન પોતાના ભક્તોની ઈચ્છાથી પોતાનો ચિન્મય વિગ્રહ પ્રગટ કરે છે; ત્યારે ભલા, તેમનામાં કર્મબંધનની કલ્પના જ કઈ રીતે કરી શકાય? ॥ ૩૫ ॥

**ગોપીનાં(ન્) ત*ત્પતીનાં(ઞ્) ચ, સર્વેષામેવ દેહિનામ્ .**

**યોડન્ત*શ્ચરતિ સોડધ્ય*ક્ષઃ(ખ્) ક્રીડનેનેહ દેહભાક્ .. ૩૬..**

યોડન્તશ્ + ચરતિ

ગોપીઓના, તેમના પતિદેવોમાં સંપૂર્ણ શરીરધારીઓના અંતઃકરણપૂર્વક જે આત્મારૂપે બિરાજમાન છે, જે સર્વના સાક્ષી અને પરમપતિ છે, તે જ તો પોતાનો ચિન્મય વિગ્રહ પ્રગટ કરીને આ લીલા કરી રહ્યા છે. ॥ ૩૬ ॥

**અનુ*ગ્રહાય ભૂતાનાં(મ્), માનુષં(ન્) દેહમાસ્થિતઃ .**

**ભજતે તાદૃશીઃ(ખ્) ક્રીડા, યાઃ(શ્) શ્રુ*ત્વા ત*ત્પરો ભવેત્ .. ૩૭..**

દેહ + માસ્થિતઃ

ભગવાન જીવો પર કૃપા કરવા માટે જ પોતાને મનુષ્યરૂપે પ્રગટ કરે છે અને આવી લીલાઓ કરે છે, જેને સાંભળીને જીવો ભગવત્પરાયણ થઈ જાય છે. ॥ ૩૭ ॥

**નાસૂયન્ ખલુ કૃ*ષ્ણાય, મોહિતાસ્ત*સ્ય માયયા .**

**મ*ન્યમાનાઃ(સ્) સ્વપાર્શ્વ*સ્થાન્, સ્વાન્ સ્વાન્ દારાન્ વ્રજૌકસઃ .. ૩૮..**

સ્વપાર્શ્વ + સ્થાન્

વ્રજવાસી ગોપોએ ભગવાન શ્રીકૃષ્ણમાં સ્હેજ પણ દોષબુદ્ધિ કરી નથી. તેઓ ભગવાનની યોગમાયા થી મોહિત થઈને એવું સમજી રહ્યા હતા કે અમારી પત્નીઓ અમારી પાસે જ છે. ॥ ૩૮ ॥

**બ્રહ્મરાત્ર ઉપાવૃત્તે, વાસુદેવાનુમોદિતાઃ .**

**અનિ*ચ્છન્ત્યો યયુર્ગોપ્યઃ(સ્), સ્વગૃહાન્ ભગવત્પ્રિયાઃ .. ૩૯..**

અનિચ્ + છન્ત્યો

બ્રહ્માની રાત્રિના જેવડી તે રાત્રિ વીતી ગઈ. બે ઘડી રાત્રિ બાકી હતી ત્યારે (બ્રહ્મમૂહુર્તમાં) પણ ગોપીઓની ઈચ્છા પોતાને ઘેર જવાની ન હતી, છતાં ભગવાન શ્રીકૃષ્ણની આજ્ઞાથી તે પોતપોતાને ઘેર ચાલી ગઈ. કેમકે, તેઓ પોતાની પ્રત્યેક ક્રિયા, પ્રત્યેક સંકલ્પથી માત્ર ભગવાન શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવા ઈચ્છતી હતી. ॥ ૩૯ ॥

**વિ*ક્રીડિતં(વઁ) વ્રજવધૂભિરિદં(ઞ્) ચ વિ*ષ્ણોઃ(શ્),**

**શ્ર*દ્ધાન્વિતોડનુશૃણુયાદથ વર્ણયેદ્ યઃ.**

**ભક્તિં(મ્) પરાં(મ્) ભગવતિ પ્રતિલભ્ય કામં(મ્),**

**હૃદ્રોગમાશ્વપહિનોત્યચિરેણ ધીરઃ .. ૪૦..**

**વ્રજવધૂ + ભિરિદં(ગ્), શ્રદ્ધાન્ + વિતોડ + નુશૃણુયા + દથ,**

**હૃદ્રોગમાશ્વ + પહિનોત્ + યચિરેણ**

પરીક્ષિત! જે ધીર પુરુષ વ્રજયુવતીઓની સાથે ભગવાન શ્રીકૃષ્ણના આ ચિન્મય રાસ-વિલાસનું શ્રદ્ધા સાથે વારંવાર શ્રવણ અને વર્ણન કરે છે, તેને ભગવાનના ચરણોમાં પરાભક્તિ પ્રાપ્ત થાય છે. અને તે બહુ જલ્દી પોતાના હૃદય રોગ – કામવિકારથી છુટકારો મેળવે છે. તેનો કામભાવ હંમેશ ને માટે નષ્ટ થઈ જાય છે.* ॥ ૪૦ ॥

**ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહંસ્(મ્)યાં(મ્)**

**સં(મ્)હિતાયાં(ન્) દશમસ્કન્ધે પૂર્વાર્ધે રાસક્રીડાવર્ણનં(ન્)**

**નામ ત્રયસ્ત્રિં(મ્)શોડધ્યાયઃ .. ૩૩..**

**ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્) પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે**

**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે.**

**ૐ શાન્તિઃ(શ્) શાન્તિઃ(શ્) શાન્તિઃ.**

